# જહાજમાંથી બાયોડીઝલ કાઢી સંગ્રહ કરનારા 6ની ધરપકડ

**લાયસન્સ** વિના જ્વલનશીલ લાઇટ ડીઝલ ઓઇલનો વેપાર, રૂપિયા ૪૨.૪૧ લાખનો મુદ્દામાલ જપ્ત

### ઝડપાયેલા આરોપીઓ

૧. સ્મિતકુમાર પરસોતમભાઇ પટેલ (રહે. ગવીયર ગામ, સુરત)
૨. રવિકુમાર રામપાલ ખટીક (રહે. દેલાડવા ગામ, ડિંડોલી)
૩. મુકેશ રામચંદ્ર ખટીક (રહે. સર્વોદય સોસાયટી, પાંડેસરા)
૪. જીતેન્દ્ર બાબુભાઇ પાટીલ (રહે. લક્ષ્મીનારાયણ સોસાયટી, ડિંડોલી)
૫. રાજુભાઇ નટુભાઇ રાવ (રહે. સ્વતંત્ર સેનાની નગર, પાંડેસરા)
૬. વિજયકુમાર દલસંગભાઇ ચૌધરી (રહે. સિધ્ધી વિનાયક રેસીડેન્સી, પાલ રોડ, અડાજણ)

સુરત : ઇચ્છાપોર પોલીસે દામકા ગામમાં ધમધમતા ગેરકાયદે બાયો ડીઝલના કારોબારનો પર્દાફાશ કરી છ શખ્સોને ઝડપી પાડ્યા છે. પોલીસે દરોડા દરમિયાન ટેન્કર, પિક-અપ વાહન અને LDOના જથ્થા સહિત કુલ રૂપિયા ૪૨.૪૧ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

મળતી વિગતો મુજબ, દામકા ગામમાં બ્લોક નં. ૨૩૬/૧૧ ખાતે સિમેન્ટની બ્લોકની દીવાલવાળા કમ્પાઉન્ડમાં કષ્ટભંજન એન્ટરપ્રાઇઝના નામે પેટ્રોલિયમ પ્રોડક્ટ્સનો ગેરકાયદે વેપાર ચાલી રહ્યો હોવાની પોલીસને બાતમી મળી હતી. બાતમીના આધારે ઇચ્છાપોર પોલીસે દરોડો પાડતાં સ્થળ પરથી LDOનો જથ્થો, વાહનો સહિતનો મુદ્દામાલ મળી આવ્યો હતો.

પોલીસ તપાસમાં સામે આવ્યું હતું કે, વિજયકુમાર દલસંગભાઇ ચૌધરી અન્ય કંપનીઓના પ્રોપરાઇટરો પાસેથી કેમિકલયુક્ત LDOનો જથ્થો ખરીદી કમ્પાઉન્ડમાં બનાવેલા મોટા લોખંડના ટાંકા તેમજ મોડિફાઇડ ટેન્કરમાં સંગ્રહ કરતો હતો.

જ્વલનશીલ પદાર્થોનો સંગ્રહ થતો હોવા છતાં સ્થળે આગ સામે રક્ષણ માટેના જરૂરી ફાયર સેફ્ટીના સાધનો ઉપલબ્ધ ન હોવાનું પણ તપાસમાં બહાર આવ્યું હતું. બીજી તરફ, અન્ય શખ્સો ગવીયર ગામ વિસ્તારમાં શિપમાંથી કામદારો પાસેથી બિલ્ટી-બિલ વગરનો બાયો ડીઝલનો જથ્થો પિક-અપ વાહનમાં ભરી દામકાના કમ્પાઉન્ડમાં વેચાણ માટે લાવતા હતા.

પોલીસે સ્થળ પરથી જ્વલનશીલ પ્રવાહીનો જથ્થો તથા વાહનો કબજે કરી સમગ્ર ગેરકાયદે કારોબાર અંગે તપાસ શરૂ કરી છે. આ મામલે ઇચ્છાપોર પોલીસ સ્ટેશનના PSI કુલદિપસિંહ પરમારે BNS તથા જી.પી. એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી છ શખ્સોની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

# સુરતમાં વરસાદી રોગચાળાના કહેરમાં વધુ બેનાં મોત

**ડિંડોલીમાં** કમળાની અસર બાદ 36 વર્ષીય યુવકનું મોત, સચિનમાં ત્રણ દિવસથી તાવ બાદ 39 વર્ષીય યુવાને દમ તોડ્યો

સુરત : વરસાદી માહોલ વચ્ચે સુરત શહેરમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળાનો કહેર યથાવત જોવા મળી રહ્યો છે. શહેરમાં રોગચાળાની વચ્ચે ડિંડોલી અને સચિન વિસ્તારમાં બે યુવાનનાં મોત થયાં હતાં.

ડિંડોલીમાં ચાર દિવસથી તાવ બાદ કમળાની અસર થયેલા 36 વર્ષીય યુવકની તબિયત અચાનક બગડતાં નવી સિવિલ હોસ્પિટલમાં મોત થયું હતું. જ્યારે સચિનમાં ત્રણ દિવસથી તાવથી પીડાતા 39 વર્ષીય યુવાનની તબિયત લથડતાં સારવાર માટે સિવિલ ખસેડાયો હતો, જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.

નવી સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ, પનાસ ગામ ખાતે એસએમસી ક્વાર્ટર્સમાં રહેતા 36 વર્ષીય શ્રીકૃષ્ણ પરષોત્તમ પુરીને છેલ્લા ચાર દિવસથી તાવ આવતો હતો. દરમિયાન તેમને કમળાની અસર થઈ હતી.

રવિવારે સવારે ડીંડોલીના નવાગામ ખાતે આવેલા ઉમિયાનગરમાં બહેનના ઘરે તેમની તબિયત અચાનક લથડી હતી. જેથી પરિવારજનો દ્વારા 108 એમ્બ્યુલન્સ મારફતે તેમને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

બીજા બનાવમાં, સચિનના પાલી ગામ ખાતે રાજ ચેમ્બર્સમાં રહેતા 39 વર્ષીય પંકજ તુલસીદાસને છેલ્લા ત્રણ દિવસથી તાવ આવતો હતો. તેમણે ઘર નજીકના ખાનગી દવાખાનામાં સારવાર લીધી હતી. જોકે રવિવારે સવારે અચાનક તબિયત વધુ લથડતાં તેઓ બેભાન થઈ ગયા હતા.

પરિવારજનોએ 108 એમ્બ્યુલન્સ મારફતે તેમને નવી સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

## ભરીમાતા રોડ પર બીમારીથી કંટાળીને આધેડે એસિડ પી લીધું

સુરતઃ ભરીમાતા રોડ પર બીમારીથી કંટાળીને આધેડે એસિડ પીને આપઘાત કરી લીધો હતો. મૂળ મહારાષ્ટ્ર ધુલિયાના વતની 52 વર્ષીય રાજુભાઈ નાનજીભાઈ પરાયા હાલ ભરીમાતા રોડ ફૂલવાડી નજીક મદીના મસ્જિદ ખાતે એક સંતાન સહિતના પરિવાર સાથે રહેતા હતા અને હીરાના કારખાનામાં કામ કરતા હતા. કાલે સાંજે રાજુભાઈએ ઘરમાં એસિડ પી લીધું હતું. બનાવની જાણ થતાં 108 એમ્બ્યુલન્સ મારફતે તેમને સ્મીમેર હોસ્પિટલ ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમિયાન મોડી રાત્રે તેમનું મોત નિપજ્યું હતું. પોલીસની પ્રાથમિક તપાસમાં રાજુભાઈએ બીમારીઓથી કંટાળીને આ અંતિમ પગલું કર્યું હોવાનું બહાર આવ્યું હતું. જ્યારે અન્ય એક ઘટનામાં સચિન ખાતે આવેલા ઈન્દિરા નગરમાં 50 વર્ષીય દિનેશભાઈ મનુભાઈ રાઠોડ પરિવાર સાથે રહેતા હતા અને રીક્ષા ડ્રાઈવિંગ કરતા હતા. હાલમાં માનસિક બીમારીના કારણે તેઓ કોઈ કામકાજ કરતા ન હતા. કાલે બપોરે દિનેશભાઈએ ઘરે લાકડાના મોભ સાથે સાડી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

**સ્પીનર્સના વ્યાજના વિષચક્રમાં વિવર્સ ફસાયા**

# યાર્ન 35-40% મોંઘું, ગ્રે કાપડમાં માત્ર 10% વધારો

**બેન્કનું** વ્યાજ 9% આસપાસ, યાર્ન ઉત્પાદકો 18% વાર્ષિક વસૂલે છે : મહેન્દ્ર રામોલિયા

સુરત : સ્પિનર્સની સિન્ડિકેટના વિષચક્રમાં સુરતનો વિવિંગ ઉધોગ ભેરવાયો છે.સચિન ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીના ડિરેક્ટર અને વિવર્સ અગ્રણી મહેન્દ્ર રામોલિયા એ જણાવ્યું હતું કે," સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગમાં યાર્નના ભાવમાં છેલ્લા બે મહિનામાં અંદાજે 35થી 40%નો વધારો થયો છે, પરંતુ તેની સામે ગ્રે કાપડના ભાવમાં સરેરાશ માત્ર 10% જેટલો વધારો થયો હોવાનું વિવરોનું કહેવું છે. એટલે ઉત્પાદનનો મુખ્ય કાચો માલ ઝડપથી મોંઘો થયો છે, જ્યારે તૈયાર કાપડના ભાવમાં તેનો સંપૂર્ણ વધારો પાસ થતો નથી. આ સ્થિતિમાં વિવરનો નફો દબાઈ રહ્યો છે અને વર્કિંગ કેપિટલનું દબાણ સતત વધી રહ્યું છે.

આ મુશ્કેલી માત્ર યાર્નના ભાવવધારા પૂરતી મર્યાદિત નથી. યાર્ન ખરીદતી વખતે 15 દિવસની પેમેન્ટ શરત, ત્યારબાદ મહિને 1.5% એટલે વાર્ષિક 18% વ્યાજ, જ્યારે તૈયાર કાપડનું પેમેન્ટ 60થી 120 દિવસે મળવુંઆ સમગ્ર પેમેન્ટ સાઈકલ વિવર માટે સૌથી મોટો પડકાર બની રહી છે.

વિવર મહેન્દ્ર રામોલિયા એ વધુમાં જણાવ્યું હતું કે, 'ના જણાવ્યા મુજબ, હાલની સ્થિતિમાં સૌથી મોટી મુશ્કેલી યાર્નના ભાવવધારા કરતાં પણ પેમેન્ટની અસમાન સાઈકલ છે. "અમે યાર્ન ખરીદીએ ત્યારે 15 દિવસમાં પેમેન્ટ કરવાનું હોય છે. આ સમયગાળા બાદ પેમેન્ટ કરીએ તો બાકી રકમ પર મહિને 1.5% એટલે વાર્ષિક 18% વ્યાજ વસૂલવામાં આવે છે. બીજી તરફ અમે કાપડ તૈયાર કરીને ટ્રેડરને આપીએ છીએ ત્યારે તેના પૈસા 60થી 120 દિવસે મળે છે. એટલે અમારી મૂડી લાંબા સમય સુધી બજારમાં અટવાયેલી રહે છે."

રામોલિયાના જણાવ્યા પ્રમાણે, "બેન્કમાંથી ઉદ્યોગ માટે સામાન્ય રીતે આશરે 9%ના દરે ફાઈનાન્સિંગ મળે છે, જ્યારે યાર્નનું પેમેન્ટ મોડું થાય તો 18% વાર્ષિક વ્યાજ ચૂકવવું પડે છે. યાર્નના ભાવમાં છેલ્લા બે મહિનામાં 35થી 40%નો વધારો થયો છે, પરંતુ ગ્રે કાપડના ભાવમાં માત્ર 10% જેટલો વધારો થયો છે. એટલે વધેલો સમગ્ર ખર્ચ કાપડના ભાવમાં પાસ થતો નથી અને તેનો સીધો બોજ વિવર પર આવે છે." તેમણે વધુમાં કહ્યું કે, "યાર્નની ડિલિવરી વખતે કિલો દીઠ રૂ.2 જેટલો ટ્રાન્સપોર્ટેશન ખર્ચ પણ થાય છે. જ્યારે કાપડ તૈયાર થયા બાદ મિલ કે માર્કેટમાં ડિલિવરી કરીએ ત્યારે તેનો ખર્ચ અમારે જ ઉઠાવવો પડે છે. એટલે યાર્ન મોંઘું થવાની સાથે ફાઈનાન્સ અને લોજિસ્ટિક્સનો ખર્ચ પણ વધી રહ્યો છે." તેમના મતે, "સુરતમાં 50 હજારથી વધુ વિવર છે અને આ તમામ માટે સૌથી મોટો પ્રશ્ન કેશ ફ્લોનો છે. યાર્નના ભાવવધારા પ્રમાણે ગ્રે કાપડના ભાવમાં વધારો નહીં થાય અને પેમેન્ટ સાઈકલ પણ આવી જ રહેશે તો વિવિંગ યુનિટ માટે કામ ચાલુ રાખવું વધુ મુશ્કેલ બનશે."


### યાર્ન ખરીદવામાં 15 દિવસની મર્યાદા, કાપડ વેચવામાં 60થી 120 દિવસની રાહ*

વિવર જ્યારે યાર્ન ઉત્પાદક પાસેથી યાર્ન ખરીદે છે ત્યારે સામાન્ય રીતે 15 દિવસમાં પેમેન્ટ કરવાનું હોય છે. જો આ સમયમર્યાદા પસાર થાય તો બાકી કુલ રકમ પર મહિને 1.5% એટલે વાર્ષિક 18%ના દરે વ્યાજ વસૂલવામાં આવે છે. બીજી તરફ વિવર લૂમ્સ પર કાપડ બનાવીને ટ્રેડરને વેચે છે ત્યારે તેનું પેમેન્ટ સામાન્ય રીતે 60થી 120 દિવસ બાદ આવે છે. એટલે યાર્નનું પેમેન્ટ વહેલું કરવાનું અને કાપડના વેચાણના પૈસા મોડા મળવાના કારણે વિવરને વચ્ચેની મૂડી પોતાની પાસે રાખવી પડે છે અથવા ઉધાર લેવી પડે છે.





સુંદર મામા, ગોલી, ગોગી, સોનુ



સોઢી ગેરેજ


અબ્દુલની ઓલ ઇન વન જનરલ સ્ટોર


ગડા ઇલેક્ટ્રોનિક્સ

## અડાજણના ગણેશમંડળે બનાવી અદ્દલ તારક મહેતાની ગોકુલધામ સોસાયટી

સુરત : સુરતના ગણેશોત્સવમાં ભક્તિની સાથે દેશભરના જુદા જુદા મંદિરો અને પ્રખ્યાત જગ્યાના સેટ્સ ઊભા કરવામાં આવ્યા છે. જેની વચ્ચે અડાજણના એક ગ્રુપ દ્વારા 'તારક મહેતા કા ઉલટા ચશ્મા' સિરિયલની ગોકુલધામ સોસાયટીનો સેટ ઊભો કરવામાં આવ્યો છે. એલપી સવાણી સ્કૂલ નજીકના મંડળ દ્વારા આ સેટમાં સોસાયટીને તો આવરી લેવામાં આવી જ છે સાથે સાથે ગોકુલધામની ગેલેરીમાં દેખાતા દ્રશ્યો પણ જીવંત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. સુરતીઓ આ સેટ જોવા માટે ભારે ધસારો કરી રહ્યાં છે.






ભાવિક પટેલ - આત્મન પાર્ક યુવક મંડળ, અડાજણ


જીગર સોલંકી - ડી.કે.એમ. હોસ્પિટલ, કોટસફીલ રોડ


હેત રાહુલ માળી & વિશ્વેન માળી - મહાલક્ષ્મી યુથ કલબ, અંબાજી રોડ



યતીન દેસાઈ - સી કે પાર્ક, અડાજણ, સુરત


શ્રિયાન દેસાઈ - યોગેશ્વર પાર્ક સોસા., અડાજણ


ડો.નિશા અને પ્રતિક પારેખ - વેસુ


રેન્સી વઘાસીયા - સ્વામિનારાયણ નગરના રાજા, સ્વામિનારાયણ નગર, લલિતા ચોકડી, કતારગામ


મોહનિષ, પાયલ, અમાયા જોષીના - મહીધરપુરા દાળિયા શેરી



પ્રણવ ઉપાધ્યાય અને નિકી ટોપીવાળા, ઉમરા


હિતાર્થ અને હિતેષી - શિવાંતા પેલેસ, સરથાણા જકાતનાકા


રંગૂનવાલા પરિવાર - દેવદર્શન એપાર્ટમેન્ટ, સિટીલાઈટ



વિશાલ શાહ - પાર્લેપોઈન્ટ


વિધી હાથીવાળા - ચંદન પાર્ક, સિટીલાઈટ, સુરત


કામિનીબેન - નારિયેળની બાધવાળા ગણપતિ, લીમડાચોક, કબૂતરખાના


યશ્રી મિતેશ વાસાણવાલા - મજૂરાગેટ, સુરત


મોનિકા ગજ્જર, નિશી ગજ્જર, ટીના ચેવલી, કુંજન ગજ્જર - પીપલોદ


અમી, દિયા અને અદિતિ તમકુવાલા - ફિનિક્સ, એરિઝોના, USA


રોશની અને નીલ ઘારીવાલા - હીરામોદીની શેરી, સગરામપુરા


કંદર્પ સોનેરિયા - સર્વોદય સ્ટ્રીટ, મોરાભાગળ


નિલેશ નસીત - સોમરસેટ, ન્યુ જર્સી, USA


પરિમલ ગજ્જર - સરકાર ગ્રુપ, ભગવતી ઓફિસ, સિટીલાઈટ, સુરત


સોનાલી કઠીવાલા - વેસુ


સમર્થ, દક્ષેશ દાસ્તાનવાલા પાર્લે પોઈન્ટ, સુરત


સ્મિતા ઝવેરી - હાઇ ટેક એવન્યુ, વેસુ


કલ્પેશ દીવેટીયા - આર્શીવાદ વિલા હાઉસિંગ સોસા., ભરથાણા


શ્રી રામ યુવક મંડળ, ડબગરવાડ પીઠાની ગલી, ભાગળ